સરકાર પાક વીમા મુદ્દાની ચર્ચાથી ભાગી રહી છે : કોંગ્રેસ

પાક વિમા મુદ્દે વિધાનસભામાં હોબાળો

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભામાં પાક વીમાનો મુદ્દો ગુંજ્યો હતો. સરકાર વીમા કંપનીઓને નફો કરાવતી હોવાનો કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો અને ગૃહમાંથી વોક આઉટ કર્યુ હતું. બીજી તરફ કૃષિ મંત્રી આરસી ફળદુએ પત્રકાર પરિષદ કરી પોતાનો જવાબ રજૂ કર્યો હતો.

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પાક વીમાને લઈને સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. શૈલેષ પરમારે રાજ્ય સરકારના દેવા મુદ્દે કટાક્ષ કર્યો હતો. શૈલેષ પરમારે કહ્યુ કે, "ગુજરાતના માથે ૨૫ વર્ષમાં ૨ લાખ ૯૯ હજાર કરોડનું દેવુ છે, દેવુ વધારતા આવ્યા છીએ, વધારતા જઈશું. સરકારે વીમા કંપનીઓને ફાયદો કરાવ્યો છે, માત્ર ૨ ખેડૂતોને જ પાક વીમાની ચુકવણી કરવામાં આવી છે. વીમા કંપનીઓ સાથે ભાજપના મળતીયાઓની સાંઠગાંઠ છે. વીમા કંપનીઓને ૫૮૬૩ કરોડનું પ્રીમિયમ ચુકવવામાં આવ્યુ છે." બીજી તરફ વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પણ પાક વીમાને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા.ગેનીબેન ઠાકોરે કહ્યુ કે, પાક વીમાનો પ્રશ્ન બનાસકાંઠાનો હતો, સરકારે કબુલ્યુ કે બનાસકાંઠામાં પાક નિષ્ફળ ગયો છે.

ગુજરાત વિધાનસભા ગૃહમાં પાક વીમાને લઈને હોબાળો થયો હતો. બીજી તરફ કૃષિ મંત્રી આરસી ફળદુએ પાક વીમાને લઈને પત્રકાર પરિષદ કરી જવાબ આપ્યો હતો. આરસી ફળદુએ કહ્યુ કે, "ખેડૂતોના વિષય પર કોંગ્રેસ અવરોધ બની છે, ક્રોપ કટિંગમાં વરસાદનો અવરોધ હતો, બધાની હાજરીમાં જ સર્વે કરવામાં આવ્યો છે. ગયા વર્ષે સરકારે ૨૭૭૬ કરોડનો વીમો અપાવ્યો હતો, સાચો જવાબ કોંગ્રેસે મને આપવા દીધો નહતો. હું માત્ર પાક કાપણી પછીનો જ જવાબ આપી રહ્યો હતો, હું જવાબ આપતો હતો ત્યારે લલિત કગથરા વચ્ચે બોલતા હતા, અમે વીમા કંપનીઓ પર પ્રેશર કરી રહ્યા છીએ".

ચાઈનાથી આવતી પિચકારીઓ અને રંગોની આયાતમાં ઘટાડો સાથે લોકોમાં ચાઈનીઝ ચીજ વસ્તુઓનો ડર

મોડાસા, તા. ૪

હોળીના પર્વ આગમન પૂર્વે અરવલ્લી જિલ્લા શહિત મોડાસાના બજારમાં બાળકો માટે રંબેરંગી પિચકારીઓનું આગમન થઈ જાય છે. બજારમાં સ્વદેશી તેમજ ચાઈનાની બનાવટની અવનવી પિચકારીની વેરાયટીઓ આવતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે કોરોના વાયરસને લીધે આયાતની પર તેની

અસર જોવા મળી છે. આથી મોડાસાના બજારમાં પણ કોરોના વાયરસના ભયના કારણે ચાઈનાથી આવતા માલની ખુબજ ઓછી આવક જોવા મળી છે. કોરોના વાયરસના કારણે ચાઈનાથી આવતા માલનું આયાતીકરણ ઘટી જતા પિચકારીઓની ખરીદી ખુબજ ઓછી થવા પામી છે. હાલ બજારોમાં પણ કોરોના વાયરસને કારણે હોળીના તહેવારમાં અસર જોવા મળી હતી.

ચાઈનામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. વાયરસના પ્રકોપે લોકોને તેના ભરડામાં લીધા છે અને મોટી સંખ્યામાં લોકો કોરોના વાયરસમાં ઝપટમાં આવ્યા છે. અને કેટલાકના લોકોના મોત પણ થયા છે. ત્યારે ચાઈનાથી આવતા માલ સામાનની આયતીકરણમાં પણ મોટો ફટકો પડ્યો છે. ભારત તેમજ અન્ય દેશોએ પણ આ વાયરસનો પગ પેસારો ન થાય તે માટે અગમચેતીના ભાગરૂપે આયત અને નિકાસ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. આગામી દિવસોમાં હોળી તહેવાર આવી રહ્યો છે અને લોકો હોળી તહેવારે ધામધૂમથી ઉજવણી કરે છે.

તેમાં ખાસ કરીને નાના બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર સમા પીચકારીઓની માંગ વધુ હોય છે. મોડાસાના બજારમાં દર વર્ષે હોળીના આગમન પહેલા જ બજારમાં પિચકારીઓ આવતી હોય છે. આ અંગે વેપારી સુત્રોએ જણાવ્યું હતું કે જીલ્લાના બજારોમાં આ વખતે મેડ ઈન ઈન્ડિયા બનાવટની દિલ્હીની પિચકારીઓ વધુ જોવા મળી રહી છે. જયારે ચાઈનાથી આયત થતી ન હોવાના કારણે ચાઈનાની પીચકારીઓ બજારમાં ખુબજ ઓછી જોવા મળી રહી છે. અને કોરોના વાયરસ શરૂ થયો તે પહેલા આવેલા માલ ખુબ જ ઓછો છે. અને હાલ નવા માલની આવક નથી. અગાઉ આવેલા માલના ભાવ ખુબજ ઉંચા રહેવા પામ્યા છે. વાયરસના કારણે ચાઈનાથી પીચકારીઓ સહિતના માલ સામાનની આયત ઓછી કેમકે કોરોના વાયરસના ગભરાહટના કારણે ચાઈના માલની ખરીદી ઓછી જોવા મળી રહી છે. જેના લીધે હોળીના પર્વમાં વાયરસની અસર મોડાસા સહીત જીલ્લાના બજારોમાં જોવા મળી રહી છે.

રાજ્યમાં ૧૭.૫૩ લાખ વિદ્યાર્થીઓ આજથી બોર્ડ પરીક્ષા આપશે

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં કુલ ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા : તમામ ઇમારતોને સીસીટીવીથી આવરી લેવાયા : ગેરરિતીને રોકવા માટે પણ પગલા

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા આવતીકાલથી શરૂ થઈ રહી છે. બોર્ડ પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ ખુબ ઉત્સુક બનેલા છે. બીજી બાજુ ગુજરાત બોર્ડ દ્વારા પણ પરીક્ષાને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. પરીક્ષામાં વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે આયોજન કરવામાં આવ્યુ છે. સાથે સાથે ગેરરિતીને રોકવા માટે પણ જુદા જુદા પગલા લેવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત જે ઈમારતમાં બોર્ડ પરીક્ષા લેવામાં આવનાર છે તે તમામ ઈમારતોને સીસીટીવી અને ટેબલેટ દ્વારા આવરી લેવામાં આવ્યા છે. પરીક્ષાને લઈને તમામ તૈયારી પહેલાથી જ ગોઠવી દેવામાં આવી છે. બોર્ડ પરીક્ષાની ઈમારતની આસપાસ પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે. ગુજરાતમાં દર વર્ષની જેમ જ આ વખતે પણ લાખો વિદ્યાર્થીઓ પરીક્ષાને લઈને ઉત્સુક બનેલા છે. આવતીકાલથી શરૂ થતી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં કુલ ૧૭.૫૩ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૪૩ લાખ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા ૫.૨૭ લાખ નોંધાઈ છે. આવી જરીતે ધોરણ ૧૦માં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦.૮૩ લાખ નોંધાઈ છે. કુલ ૧૩૭ ઝોનમાં ૧૫૮૭ કેન્દ્રોમાં સામેલ ૫૫૫૭ બિલ્ડિંગમાં પરીક્ષા રાખવામાં આવી છે. ૬૦૦૨૭ વર્ગખંડમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. ૫૯૭૩૩ વર્ગખંડમાં સીસીટીવીની વ્યવસ્થા કરવામાં આવી છે જ્યારે ૨૯૪ વર્ગખંડોમાં ટેબ્લેટની વ્યવસ્થા કરવામાં આવી છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ હળવાશનો અનુભવ કરીને નિશ્ચિતરીતે પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે જ્યાં પરીક્ષા લેવામાં આવનાર છે તેવી ઈમારતો કે વર્ગખંડમાં સીસીટીવીની વ્યવસ્થા કરવામાં આવી છે. ઈલેક્ટ્રોનિક સર્વેલન્સની વ્યવસ્થા પણ ૧૦૦ ટકા થઈ ચુકી છે. પરીક્ષા સંદર્ભે જરૂરિયાત મુજબ યોગ્ય સ્ટાફની પણ પસંદગી કરવામાં આવી ચુકી છે. જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું સતત માર્ગદર્શન મળી રહે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની કોઈરીતે ગેરરીતિ ન થાય તે માટે પણ તકેદારી રાખવામાં આવી છે. મોબાઈલ અને અન્ય વિજાણુ યંત્રોના ગેરકાયદે ઉપયોગ કરતા ઉમેદવારો સામે તરત કઠોર કાર્યવાહી કરવામાં આવશે. ડમી ઉમેદવાર સામે પણ કાર્યવાહી કરાશે. જિલ્લાશિક્ષણાધિકારી તથા ઝોનલ અધિકારીઓ, મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રોના સંચાલકો, સીસીટીવી કર્મચારીઓ, વિજિલન્સ સ્કવોર્ડ વગેરેને પરીક્ષા સંબંધિત જરૂરી માર્ગદર્શન આપવમાં આવ્યું છે. જિલ્લામાં આવેલી ઝોનલ કચેરીમાં સ્ટ્રોંગરુમમાં પુરતા પોલીસ પ્રોટકશન અને પરીક્ષા કેન્દ્રો ખાતે પોલીસ વ્યવસ્થા કરવામાં આવી છે. ગેરરીતિવિહિન પરીક્ષા યોજાય તે માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના અગત્યના પ્રશ્નપત્ર દરમિયાન પરીક્ષા બિલ્ડિંગમાં વર્ગ એક અને વર્ગ બેના અધિકારી પૂર્ણ સમય ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રવીયા ગામે બસ અને સ્કુટર વચ્ચે અકસ્માત સર્જાતાં ૫૦ વર્ષીય પિતાનું મોત પુત્રનો આબાદ બચાવ

પાલનપુર, તા. ૪

રવિભાઈ નામના યુવક પોતાના પુત્ર સાથે સ્કુટર પર રવીયા ગામ થી સામાજિક બેસણા માં જઈ રહ્યા હતા તે સમયે રવીયા ગામ નજીક સરકારી બસ અને સ્કુટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ૫૦ વર્ષીય રવિભાઈ નામના યુવકનું ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતું તો બીજી તરફ પુત્રનો આબાદ બચાવ થયો હતો.

સમગ્ર ઘટના ને લઈ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સમગ્ર બાબતે લોકોએ ધાનેરા પોલીસને જાણ કરતાં ધાનેરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ મૃતકની લાશને પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અકસ્માતની જાણ થતાં ધાનેરા ની રેફરલ હોસ્પિટલમાં પણ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ગુજરાતમાં કોરોનાનો એકપણ કેસ નથી છતાંય સરકાર એલર્ટ

આરોગ્ય મંત્રી નીતિન પટેલની લોકોને હૈયાધારણ : સિવિલ સહિતની હોસ્પિટલોમાં અલગથી આઇસોલેશન વોર્ડ તૈયાર : સ્ટાફ, દવા, સારવાર સહિત બધી સુવિધાઓ

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં કોરોના વાઈરસનો એકપણ કેસ નથી, છતાં રાજય સરકાર કોરોના વાઈરસની સંભવિત અસરોને લઈ આ સમગ્ર મામલે એલર્ટ છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ સહિત રાજયની વિવિધ સરકારી હોસ્પિટલોમાં અલગથી આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે અને અગમચેતીના પગલા રૂપે આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વાઈરસ ગુજરાતમાં ન આવે એ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. આ હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ જરૂરી સ્ટાફ, દવા અને સારવાર સહિતની સુવિધાથી સજજ કરવામાં આવ્યા છે એમ આજે રાજયના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે લોકોને હૈયાધારણ આપતાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોરોનાને રોકવા માટેની સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. સૌથી મહત્વની બાબત એ છે કે, આજ દિન સુધી ગુજરાતમાં કોરોના વાઈરસનો એકપણ કેસ જણાયો નથી. તેમ છતાં તકેદારીના ભાગરૂપે અમદાવાદ સહિત રાજયની તમામ સિવિલ હોસ્પિટલમાં ૩૦ દર્દીઓ સારવાર લઈ શકે એ માટેના ખાસ આઈસોલેશન વોર્ડ અને અલગ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. સગર્ભા મહિલાઓ અને બાળકો માટે પણ સિવિલ હોસ્પિટલમાં ખાસ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ૩ માર્ચના રિપોર્ટ પ્રમાણે નોવેલ કોરોના વાઈરસના વિશ્વમાં કુલ ૭૨ દેશોમાં ૯૦,૮૭૦ કેસ અને ૩,૧૧૨ લોકોના મોત નીપજ્યા છે. ભારતમાં કોરોનાના કુલ પાંચથી વધુ પોઝીટીવ કેસ નોંધાયા છે. જ્યારે સાત કેસના રિપોર્ટ કન્ફર્મ થવાના બાકી છે. જો કે, ગુજરાતમાં ગુજરાતમાં આ વાઈરસનો એકપણ કેસ નોંધાયો નથી. રાજયમાં કુલ ૨૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તમામના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમછતાં રાજય સરકાર આ સમગ્ર મામલાને લઈ ખૂબ જ ગંભીર અને એલર્ટ પર છે.

ગુજરાતની તૈયારી

- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે. જેમાં ૨૯ આઈસોલેશન બેડ, ૨૯ વેન્ટીલેટર સહિત અદ્યતન સાધનો અને દવા સાથેનો આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યો
- રાજ્યની અન્ય મેડીકલ કોલેજ અને ડીસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં વેન્ટીલેટર સહિતના અદ્યતન સાધનોની સુવિધા ધરાવતા આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવ્યા છે
- હાલમાં રાજ્યમાં કુલ ૫૭૬ આઈસોલેશન બેડ અને ૨૦૪ વેન્ટીલેટર ઉપલબ્ધ છે
- રાજ્યમાં વિવિધ હોસ્પિટલોમાં પીપીઈ કીટ ૨૪૫૫૫, એન-૯૫ માસ્કનો ૩૯૦૪૧, ટ્રીપલ માસ્કનો ૮,૯૨,૩૦૦ તથા ગ્લોવ્ઝનો ૨૧,૨૫,૬૦૦ જેટલો જથ્થો ઉપલબ્ધ છે
- અમદાવાદની બી.જે મેડીકલ કોલેજ ખાતે કોરોના વાઈરસની લેબોરેટરી પરીક્ષણની સુવિધા ઉભી કરવામાં આવી છે
- રાજ્યમાં જરૂર પડે સુરત, રાજકોટ અને વડોદરા ખાતે ટેસ્ટીંગની સુવિધા ઉભી કરવામાં આવશે

સિંગાપુરથી પરત ફરેલી યુવતી સિવિલમાં દાખલ થઈ

અમદાવાદ, તા.૪

ભારતમાં કોરોના વાઈરસનો ફેલાવો વધી રહ્યો છે, જે સરકાર અને લોકો માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. સરકાર સાવધાની માટે દરેક પગલા લઈ રહી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ પણ આઈસોલેશન વોર્ડની રચના, જરૂરી સ્ટાફ, દવા અને સારવાર સાથે કોરોના વાયરસ સામે લડવા સજજ છે. દરમ્યાન આજે સીંગાપોરથી ભારત પરત ફરેલી શંકાસ્પદ મહિલાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. હાલ તેણીને હોસ્પિટલ તંત્રના ઓર્બ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી છે. બીજીબાજુ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટે કોરોના વાયરસ સામે લડવા માટેની તમામ તૈયારીઓ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. તો, કોરોના વાયરસને લઈને ગુજરાત સરકાર પણ એલર્ટ છે. દરમ્યાન આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ કોરોનાને લઈ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વિશ્વમાં ૩ હજાર ૧૨ જેટલા લોકોના કોરોના વાયરસ કારણે મોત થયા છે. ત્યારે હાલ સરકાર અલર્ટ છે અને વિદેશથી આવેલા મુસાફરોના સ્ક્રીનિંગ કરી સેમ્પલ લેવાયા છે. અને જો પોઝિટિવ કેસ હશે તો તેઓને હોસ્પિટલમાં અલગ આઈસોલેશન વોર્ડમાં રખાશે. કોરોના વાયરસ ઝડપથી ફેલાય છે તેથી લક્ષણો દેખાય તો તાત્કાલિક જાણ કરવા તેમણે જનતાને અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ૧૦૪ નંબર પરથી કોરોના વાયરસની માહિતી મેળવી શકો છો. એવા કોઈ શંકાસ્પદ લક્ષણો કોરોના વાયરસને લઈને દેખાય તો આરોગ્ય વિભાગની ટીમ દર્દીના ઘરે જઈ સેમ્પલ લેશે.

આ ઉપરાંત આરોગ્ય કમિશનર કહ્યું કે બધાએ સાથે હેન્ડ સેનીટાઈઝર સાથે રાખવું જોઈએ, લોકોએ હાથ મિલાવવાથી દૂર રહેવુ જોઈએ અને સાથે સાથે ભીડભાડવાળી જગ્યામાં જવાનું પણ ટાળવું જોઈએ.

હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાંત છે. ચીનના જુદા જુદા શહેરોમાં ૬ કરોડથી વધારે લોકો હાલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. કોરોના વાયરસને લઈને ઈન્ફેક્શન દુનિયાના દેશોમાં ફેલાઈ રહ્યો છે. ત્યારે સાવચેતીના તમામ પગલા દુનિયાના દેશો લઈ રહ્યા છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. જે દર્દી ગંભીર છે તે પૈકી અનેક જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી પર આવી રહ્યા છે જે સાબિત કરે છે કે કઈ રીતે આ વાયરસે આતંક મચાવી દીધો છે.ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે દહેશત અકબંધ છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ચીનમાં હુબેઈ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત

લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. બચાવ અને રાહત કામગીરીમા આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઈને સલામ કરી શકાય છે.દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. ચીનમાં સાવેચેતીના તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે કોરોના વાયરસ બેકાબુ છે. અમરિકા સહિતના મોટા ભાગના દેશો આ કોરોનાના સકંજામાં આવી ગયા છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી.ચીનના તમામ સંબંધિત જુદા જુદા આરોગ્ય વિભાગના તમામ લોકો નિસહાય દેખાઈ રહ્યા છે.માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.જાપાનમાં પણ કોરોના વાયરસના કારણે ભારે દહેશત છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે. જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. જે સાબિત કરે છે કે મોતનો આંકડો હજુ ખુબ વધી શકે છે.૬૪ દેશોમાં કુલ કેસોની સંખ્યા રેકોર્ડ સપાટી પર પહોંચી ચુકી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી.ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

પગ પેસારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે લીધો છે. દેશમાં વાયરસની તપાસ માટે ૧૫ લેબોરેટરી હતી. એકાદ દિવસમાં જ વધુ ૧૯ લેબોરેટરી કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને આપેલી વિગતો અનુસાર ભારતમાં કોરોના વાયરસના ૨૮ કેસ સામે આવ્યા છે. જેમાં ઈટાલીથી ભારતમાં ફરવા આવેલુ ગ્રુપ આ વાયરસનો શિકાર બન્યુ છે. જેમાં કુલ ૧૬ પ્રવાસીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ સાથે જ આ ગ્રુપની બસના ડ્રાઈવરનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. અત્યાર સુધીમાં ત્રણ હજાર લોકોના લોહીના રિપોર્ટ કરાયા છે. જયપુરથી મળી આવેલા ઈટાલીના પ્રવાસીઓના ગ્રુપને સારવાર માટે દિલ્હી મોકલી અપાયા છે. સલામતીના ભાગરૂપે નોઈડા અને દિલ્હી-એનસીઆરની સાત શાળાઓને બંધ કરી દેવાઈ છે. અન્ય શાળાઓમાં તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. માસ્ક સહિત સેનેટાઈઝરની સુવિધા શાળાઓમાં ઉપલબ્ધ બનાવવા આદેશ અપાયા છે. ચીનના વુહાન પ્રાંતમાંથી ફેલાયેલા આ વાયરસનો કહેર અડધી દુનિયા પર ફેલાયો છે. લોકોને બીનજરૂરી પ્રવાસ ન કરવા ચેતવણી અપાઈ છે. કોરોનાના કહેરના કારણે વિશ્વના પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુલ ૨૦૮ નમુના લેવાયા હતા. જયારે આ પૈકી ૫ નમુના બિનપ્રમાણિત થયા છે. જયારે આ મામલે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત બિનપ્રમાણિત નમુના અંગે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

● **કોલ્ડ સ્ટોરેજ માટે ૧૧.૭૦ કરોડની સહાય**

ગાંધીનગર જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ યોજના માટે રાજય સરકારને છેલ્લા બે વર્ષમાં ૯ અરજીઓ મળી છે. જયારે આ પૈકી તમામ અરજીઓ મંજુર કરવામાં આવી છે. કૃષિમંત્રીના જવાબ મુજબ ૧૧૭૦૫૯૦૦૦ રકમની સહાય પણ ચુકવવામાં આવી છે.

ધારાસભ્યો ગુમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. મધ્યપ્રદેશ સરકારમાં હાયર એજ્યુકેશન મિનિસ્ટર જીતુ પટવારીએ એક નિવેદનમાં જણાવ્યું કે રાજયના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી નરોત્તમ મિશ્રા, ભુપેન્દ્ર સિંહ અને રામપાલ સિંહ સહિત અન્યો કોંગ્રેસના આઠ એમએલએને હરિયાણા ખાતે લઈ ગયા છે. આ એક ષડયંત્ર છે. ઉલ્લેખનીય છે કે ૨૬ માર્ચના રાજયસભાની ચૂંટણી યોજાવાની છે. ૧૭ રાજયોમાં ખાલી પડેલી જગ્યાઓ પર રાજયસભાની ચૂંટણી અગાઉ સોગઠાબાજી શરૂ થઈ હોવાનું જણાય છે. એક અહેવાલ મુજબ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહ તેમજ તેમના પુત્ર જયવર્ધન સિંહ પણ હરિયાણા સ્થિત આ હોટલ પહોંચ્યા હતા અને ધારાસભ્યોને મળ્યા હતા. કમલનાથે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બધું બરોબર છે. આવું કંઈ જ નથી અને ધારાસભ્યો પરત આવી જશે.

વાઈફાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લેપટોપ, સ્માર્ટ ફોન, ટેબલેટ, સ્માર્ટ વોચ, ઈ-રિડરમાં વાયફાયનો ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવનાર છે. જો કે આનો ઉપયોગ માત્ર એરપ્લેન મોડમાં જ કરી શકાશે. ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન વિમાનને પ્રમાણિત કરી શકે છે. ડિરેક્ટર પાસેથી પ્રમાણપત્ર મળી ગયા બાદ જ આ સુવિધા મળી શકશે. આ પહેલા ભારતીય હવાઈ ક્ષેત્રમાં ઉડાણ ભરનાર દરેક વિમાનમાં ડેટા અથવા તો ફોન સેવાની મંજુરી આપવામાં આવી ન હતી. યાત્રા દરમિયાન યાત્રીઓને તેમના મોબાઈલ ફોન બંધ કરીને અથવા તો ફ્લાઈટ મોડમાં રાખવાની જરપૂર રહેતી હતી. આ નિયમો વિદેશથી આવનાર ફ્લાઈટો પર પણ લાગુ કરવામાં આવ્યા હતા. ટાટા ગ્રુપની કંપની નેલ્કો અને પેનાસોપિક એવિએસન્સ દ્વારા કહેવામાં આવ્યુ છે કે દેશમાં લાંબા સમયથી ઉડાણ બ્રાડબેન્ડની શરૂઆત કરવા માટે તૈયાર છે. વિસ્તરા આ પ્રકારની સુવિધા આપનાર પ્રથમ કંપની છે. નેલ્કો દ્વારા પેનાસોનિકની એક અન્ય કંપની સાથે હિસ્સેદારી કરેલી છે.સોશિયલ મિડિયા દ્વારા હાલમાં જુદી જુદી પ્રતિક્રિયા આવી રહી છે. ફ્લાઈટમાં વાયફાય સેવા હવે શરૂ કરાશે.

પ્લાન ઘડાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાયરસ બાદ સ્વસ્થ થઈ ચુક્યા છે. ઈટાલીથી આવેલા ૧૪ પ્રવાસીના કોરોના વાયરસની અસર જોવા મળી છે. ભારતમાં વધુ એક વ્યક્તિ કોરોના વાયરસથી ગ્રસ્ત છે. દિલ્હીના આઈટીબીપી કેમ્પમાં નજર હેઠળ રાખવામા આવેલા લોકો પૈકી ઈટાલીના ૨૧ પૈકી ૧૫ને કોરોના વાયરસના કેસ પોઝિટિવ આવ્યા છે. નોઈડામાં છ લોકો માટે કરવામાં આવેલા ટેસ્ટ નેગેટિવ રહ્યા છે. જોકે, આ તમામ લોકોને ૧૪ દિવસ માટે નજર હેઠળ રાખવામાં આવશે. જો લક્ષણ વિકસિત થશે તો ફરીવાર તપાસ કરવમાં આવશે. નોઈડામાં કોરોના વાયરસના તમામ કેસ નેગેટિવ આવ્યા છે. આજે યોજાયેલી કોરોના વાયરસ અંગેની મહત્વપૂર્ણ બેઠકમાં તમામ પાસા ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. ભારતના અનેક ભાગોમાં નવા કેસ સપાટી પર આવ્યા છે. દિલ્હી અને એનસીઆરમાં કેટલીક સ્કુલો સાવચેતીના પગલા રૂપે બંધ રાખવમાં આવી છે. ભારત દ્વારા અવિરત પણે પગલા લેવામાં આવી રહ્યા છે. દિલ્હી સરકાર ઉપરાંત દેશના અન્ય રાજ્યો પણ કોરોના વાયરસને લઈને સંપૂર્ણપણે સાવધાન થઈ ગયા છે. વિવિધ પગલા લઈ રહ્યા છે. ફેલાવાને રોકવા સાવચેતીના પગલા હોસ્પિટલમાં લેવાય છે.

અપહરણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા કહ્યું હતું કે ક્યા કારણોસર મારું અપહરણ થયું તેની ખબર નથી. પરંતુ મને એક બંગલો જેવા સ્થળે લઈ જવાયો હતો. ત્યાં હિરેન સોલંકી હાજર હતો. ત્યાં મને માર મારવામાં આવ્યો હતો જેથી મને નીચેના ભાગે ઈજા પહોંચી છે. તેઓએ કેટલાક કાગળો પર મારી સહી અને અંગુઠા લઈ લીધા છે. એક કાગળ પર કેટલીક રકમ લખી હતી. કોઈ નોટરીવાળો પણ હાજર હતો. ૨૦૧૬માં તેઓએ મારી પાસેથી કેબલની એજન્સી ખરીદવી હતી. પરંતુ તેઓએ પૈસા આપ્યા ન હતા એટલે મે ધંધો આપ્યો ન હતો તેમ જણાવ્યું હતું.

પરીક્ષા આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા લેવાશે. આ પરીક્ષામાં જિલ્લામાંથી